વંચાણે લીધો : અત્રેની કચેરીના તા. ૧૦/૦૭/૨૦૧૩ નાં પરિપત્ર ક્રમાંક નકૃયુ/કોમ્પ્ટ/કંટ્રોલ/૭૦૯૦/૨૦૧૩

# પરિપત્ર

વિષય : **નવા બેન્ક એકાઉન્ટ ખોલવા બાબત.....**

ઉપરોક્ત વંચાણે લીધા પરિપત્રથી આ યુનિવર્સિટીની દરેક કચેરીનાં ઉપાડ અને ચુકવણા અધિકારીઓને તેમની કચેરીના નાંણાકિય વ્યવહારો માટે નવા બેન્ક ખાતા ખોલાવવા સૂચના આપવામાં આવેલ હતી, જે મુજબ ઘણી ખરી કચેરીઓએ નવા ખાતા ખોલાવી લીધેલ છે.

આજરોજ તારીખ ૨૭/૦૮/૨૦૧૩ ના સાજે ૧૬.૦૦ કલાકે માનનીય કુલપતિશ્રીની અધ્યક્ષતામાં સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા, નકૃયુ બ્રાન્ચ ના મેનેજરશ્રી સાથે મીટીંગ કરતાં, તેમના જણાવ્યા મુજબ નવા બેન્ક એકાઉન્ટ ખોલવા માટે જે તે ઉપાડ અને ચુકવણાં અધિકારીઓના પાનકાર્ડ / ચુટણી કાર્ડની જરૂર નથી, ફકત કેવાયસી ના નિયમ હેઠળ જે તે ઉપાડ અને ચુકવણા અધિકારીઓને યુનિવર્સિટી તરફથી ઈસ્યુ કરેલ આઈ–કાર્ડની ઝેરોક્ષ કોપી તથા ઓથોરીટી લેટર રજુ કરવાથી નવા ખાતા ખોલી આપવામાં આવશે તેવું જણાવેલ છે.

જે કચેરીઓએ હજુ સુધી બેન્ક ખાતા ખોલાવેલ નથી, તેઓને ઉપર મુજબ કાર્યવાહી કરી તાત્કાલીક ખાતા ખોલાવી લેવા સૂચના આપવામાં આવે છે, તેમજ જે કચેરીઓએ અગાઉ ખાતા ખોલાવી લીધા છે અને કેવાયસી તરીકે પાનકાર્ડ કે ઈલેકશન કાર્ડ રજુ કરેલ હોય તો તે પરત મેળવી યુનિવર્સિટી તરફથી ઈસ્યુ કરવામાં આવેલ આઈ–કાર્ડની કોપી બેન્કમાં રજુ કરી આપવા જણાવવામાં આવે છે.

ઉપરોક્ત પરિપત્ર યુનિવર્સિટીના હિતમાં માનનીય કુલપતિશ્રીની સંમતિથી બહાર પાડવામાં આવે છે.

**હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામક**

જા.નં. નકૃયુ/કોમ્પ્ટ/કંન્ટ્રોલ/૮૨૮૭–૮૩૪૦ /૨૦૧૩
તારીખ : ૨૭/૦૮/૨૦૧૩

**<u>નકલ સવિનય રવાના</u>** :

૧) માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારૂ.

૨) યુનિવર્સિટીના તમામ યુનિટ/ સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલવારી થવા સારૂ.

**નકલ રવાના** :

૧) અત્રેની કચેરીના ERP શાખા તરફ ઓનલાઈન કરવા સારૂ.